# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
## ( મહેકમ શાખા )

નં. મહેકમ/ર/એફ/૧/૧૨–૧/ ૨૧૪૪

તા. ૧૨/૦૮/૨૦૧૬

<u>વંચાણે લીધા</u> :– તા. ૨૪/૦૨/૨૦૧૫ પરિપત્ર નં. મહેકમ/૨એફ/૧/૧૨/–૧/૪૪૩૨

## –:: <u>પરિપત્ર</u> ::–

યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો તરફથી આવેલ કાર્યાલયના સમયમાં ફેરફાર કરવાની અરજીઓના અનુસંધાને માન. કુલપતિશ્રીના આદેશાનુસાર ઉપરોકત વંચાણે લીધા પરિપત્ર રદ કરીને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોનો સમય મા. કુલપતિશ્રીના આદેશાનુસાર નીચે દર્શાવેલ વિગતે **તા. ૧૬/૦૮/૨૦૧૬** થી નિયત કરવામાં આવે છે. યુનિવર્સિટીના સર્વે વિભાગીય વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ, કર્મચારીઓએ આ સમય ફેરફારની નોંધ લેવી.

(૧) ચાણકય ભવનના તમામ વિભાગો, બોટાનીકલ ગાર્ડન વિભાગ, ફાર્મસી વિભાગ, પ્રેસ વિભાગ, પીજીટીના વહીવટી વિભાગો, ડીપાર્ટમેન્ટ ઓફ પ્રોજેકટ, સ્કુલ ઓફ કન્ટીન્યુઈંગ એજયુકેશન તેમજ સેલ્ફ ફાયનાન્સ સંસ્થા આઈ. આઈ. એ. પી. એસ. તથા આઈ. સી. એ. એસ. ના વર્ગ–૧ થી ૩ ના અધિકારીશ્રી / કર્મચારીઓનો કાર્યાલયનો સમય સવારના ૧૦.૩૦ થી સાંજના ૦૬.૧૦ સુધીનો રહેશે. વર્ગ–૪ ના કર્મચારીઓનો કાર્યાલયનો સમય સવારના ૧૦.૦૦ થી સાંજના ૦૬.૪૫ રહેશે. સર્વે માટે રીસેસનો સમય બપોરના ૦૨.૦૦ થી ૦૨.૩૦ નો રહેશે.

(૨) આઈ. પી. જી. ટી. એન્ડ આર. નો શૈક્ષણીક સ્ટાફ, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયના વહીવટી સ્ટાફ, અને શૈક્ષણીક સ્ટાફ, આઈ. આઈ. એ. પી. એસ. ના શૈક્ષણીક સ્ટાફ, પી.જી.ટી. હોસ્પિટલ, તથા યુજી ચિકિત્સાલય ના તબીબી કર્મચારીઓ અને વહીવટી સ્ટાફનો સમય સવારના ૦૯.૦૦ થી બપોરના ૦૧.૦૦ તથા બપોરના ૦૩.૦૦ થી સાંજના ૦૬.૧૦ સુધીનો રહેશે. ઉપરોકત તમામ સંસ્થાઓના વર્ગ–૪ ના કર્મચારીઓનો સમય સવારના ૦૮.૩૦ થી બપોરના ૦૧.૦૦ તથા બપોરના ૦૨.૪૫ થી સાંજના ૦૬.૩૦ સુધીનો રહેશે.

(૩) એમ.પી.આઈ.વાય.એન.ઈ.આર. સંસ્થાએ પોતાનો કામકાજનો સમય વર્ગ–૧ થી ૩ માટે ૭ કલાક અને ૧૦ મિનિટનો અને વર્ગ–૪ માટે ૭ કલાક અને ૪૫ મિનિટનો રહે તે રીતે વ્યવસ્થા કરવાની રહેશે.

પેરા મેડીકલ સ્ટાફ, હોસ્પિટલ આઈ. પી. ડી. સ્ટાફ, લાયબ્રેરી સ્ટાફ તેમજ ચોકીદાર વિગેર કર્મચારીઓએ રાઉન્ડ ધી કલોક ૮ કલાકની ડયુટી તેઓના સબંધિત વિભાગીય વડાની સુચનાનુસાર બજાવવાની રહેશે.

ચાણકય ભવન, બોટાનીકલ ગાર્ડન, ફાર્મસી વિભાગ, પ્રેસ, આઈ.આઈ.એ.પી.એસ., આઈ.સી.એ.એસ., ડીપાર્ટમેન્ટ ઓફ પ્રોજેકટ, સ્કુલ ઓફ કન્ટીન્યુઈંગ એજયુકેશનના તમામ વહીવટી કર્મચારીઓ માટે દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે રજા રાખવાની રહેશે. જયારે પી. જી. ટી. વિભાગ(તમામ ટીચીંગ, વહીવટી, અને તબીબી સ્ટાફ) ,પી.જી. ટી. લેબોરેટરી (ફાર્માસ્યુટીકલ લેબ, ફાર્માકોગ્નોસી, ફાર્માકોલોજી, પેથોલોજી, માઈક્રોબાયોલોજી, બાયોકેમેસ્ટ્રી વિગેરે), યુ. જી. વિભાગ, યુ. જી. ચિકિત્સાલય, દરેક શનિવારે ૯..૦૦ થી ૦૧.૦૦ સુધી ફરજો બજાવવાની રહેશે જયારે વર્ગ–૪ માટે સમય ૮.૩૦ થી ૦૧.૦૦ સુધીનો રહેશે.

( આર. એમ. ઝાલા )
કુલસચિવ

પ્રતિ,